# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-10-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ધોલેરા અને કચ્છમાં મેંગ્રોવ રોપણની વન વિભાગની કામગીરીને બિરદાવી છે. આકાશવાણી પર આજે મન કી બાત કાર્યક્રમની 127મી કડીમાં દેશવાસીઓને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, ધોલેરા તટ પર આજે સાડા ત્રણ હજાર હેક્ટરમાં મેંગ્રોવ ફેલાઈ ગયા છે. જેથી જીવ સૃષ્ટિ અને માછીમારોને લાભ થયો છે. તેમણે કહ્યું કચ્છ જિલ્લાના કોરીક્રીકમાં મેંગ્રોવ લર્નિંગ સેન્ટર બનાવવામાં આવ્યું છે.

(બાઇટ : PM-MANGROOV)

શ્રી મોદીએ 31 ઓક્ટોબરે સરદાર પટેલની જન્મજયંતીએ એકતાનગરમાં યોજાનાર એકતા પરેડ નિહાળવા અનુરોધ કર્યો. તેમણે આઝાદીની ચળવળમાં સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનને પણ યાદ કર્યું. તેમણે ઉમેર્યું, 'ખેડા સત્યાગ્રહ'થી લઈને 'બોરસદ સત્યાગ્રહ' સુધી અનેક આંદોલનોમાં સરદાર પટેલના યોગદાનને આજે પણ યાદ કરવામાં આવે છે.

મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ ભારતના રાષ્ટ્રગીત- વંદે માતરમ વિશે પણ વાત કરી. તેમણે કહ્યું કે 7 નવેમ્બરના રોજ, દેશ વંદે માતરમની ઉજવણીના 150મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે. ત્યારે શ્રી મોદીએ દરેકને વંદે માતરમનો મહિમા વધારવા માટે પ્રયાસ કરવા અને સાથે સૂચનો મોકલવા વિનંતી કરી.

-----------------------------------------------------------------------------------------------

## રાજકોટ દિલ્હી ફ્લાઈટ:

આજના લાભપાંચમના પર્વથી રાજકોટ અને દિલ્હી વચ્ચે આજથી એક સાથે બે નવી ફ્લાઇટ શરૂ થઈ છે. તેની પ્રથમ ફ્લાઈટમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા દિલ્હીથી રાજકોટ આવી પહોંચ્યા હતા. શ્રી માંડવિયાએ જણાવ્યું, રાજકોટ દિલ્હી વચ્ચે આ બંને ફ્લાઇટ

શરૂ થતાં સૌરાષ્ટ્રના વેપાર અને પ્રવાસન ઉદ્યોગને વેગ મળશે. તેમણે ઉમેર્યું, રાજકોટ સૌરાષ્ટ્રના મધ્ય ભાગમાં હોવાથી સોમનાથ, દ્વારકા સહિતના ધાર્મિક સ્થળો તેમજ પોરબંદર આવતા ઉત્તર ભારતના યાત્રિકોની સુખાકારીમાં વધારો થતા પ્રવાસન ક્ષેત્રે પણ મોટો લાભ થશે.

આજથી એર ઇન્ડિયા અને ઇન્ડિગોની એમ કુલ બે નવી ફ્લાઇટ શરૂ થઈ છે. એર ઇન્ડિયાની ફ્લાઈટ અઠવાડિયામાં બુધવાર સિવાય તમામ દિવસ એટલે કે અઠવાડિયામાં છ દિવસ સવારે ઉડાન ભરશે તથા ઈન્ડિગોની ફ્લાઇટ દરરોજ ઉડાન ભરશે.

---

## હવામાન:

અરબસાગરમાં ડિપ્રેશન સક્રિય થતા હવામાન વિભાગ દ્વારા આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે આવતીકાલે 27 ઓક્ટોબરે ભારેથી અતિ ભારે વરસાદને લઈને કચ્છ જીલ્લા પણ આગામી 3 દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. પવનની ઝડપ વધવાની સંભાવનાને પગલે સૌરાષ્ટ્રના દરિયા કાંઠાના બંદરો પર સાવચેતીના ભાગરૂપે એક નંબરનું સિગ્નલ લગાવાયુ છે. ડિપ્રેશનનાં પગલે દરિયો તોફાની બને તેવી શક્યતાને જોતાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

---

## લાભપાંચમ-APMC કાંટા પુજન:

આજે લાભ પાંચમના શુભ દિવસે ભુજ જથ્થાબંધ બજારમાં ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ અને APMCના હોદેદારોના હસ્તે કાંઠા પુજન સહિતની ધાર્મિક વિધિ સાથે વેપાર ધંધાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે ધારાસભ્ય કેશુભાઈ પટેલે જણાવ્યુ હતું કે, ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ ખેડુતો માટે પોતાની ખેત પેદાશોના વેચાણ માટેનું સૌથી આદર્શ સ્થળ છે. APMCની જાહેર હરરાજીમાં ખેડુતોને પોતાની ઉપજની મહત્તમ કિમત મળવાની સાથે

સમયસર નાણા પણ મળી જતા હોય છે, ત્યારે ભુજ વિસ્તારના ખેડુતોને તેમણે પોતાનો માલ APMCમાં વેચાણ અર્થે લઈ આવવા અનુરોધ કર્યો હતો. આ અવસરે જથ્થાબંધ વેપારીઓ, શ્રમજીવીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

## રૂદ્રમાતા ડેમ –સિંચાઈ પાણી:

કચ્છના વિશાળ જળાશયોમાં જેની ગણના થાય છે એવા આહીરપટ્ટી પાવરપટ્ટીના રૂદ્રમાતા ડેમમાંથી આજથી સિંચાઈ માટે પાણી છોડાતા આ વિસ્તારના ખેડુતોમાં ખુશીની લાગણી ફેલાઈ હતી. આજે સવારે સ્થાનિક ખેડુતોની બહોળી હાજરી વચ્ચે રૂદ્રમાતા પિયત સહકારી મંડળીના હોદેદારો સિંચાઈ વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં ડેમનું વાલ્વ ખોલી કેનાલમાં પાણી વહેતુ કરાયુ હતું. હાલ ડેમની જળસપાટી 27 થી 28 ફુટે પહોંચી હતી. રૂદ્રમાતા પિયત સહકારી મંડળી દ્વારા ખેડુતોના હિતાર્થે લેવાયેલા નિર્ણયથી આજે લાભ પાંચમથી અમલવારી થતા ઘઉ,એરંડા,રાયડો સહિતના શિયાળુ પાક માટે આ પાણીનો ઉપયોગ કરવામાં આવશે.

---

## 108 દિવાળી દરમ્યાન –ઈમરજન્સી કોલ:

દિવાળીના તહેવારો દરમ્યાન કચ્છ જીલ્લામાં અકસ્માતના બનાવોમાં 40 ટકાથી વધુનો વધારો નોંધાયો છે. 108 સેવા કેન્દ્રને 20 થી 23 ઓક્ટોમ્બર દરમ્યાન કુલ 814 ઈમરજન્સી કોલ મળ્યા હતા. જેમાંથી 142 માર્ગ અકસ્માત, 113 વાહન સિવાયની ઈજાઓ,79 શ્વાસની સેવાઓ, 3 દાજી જવાના તેમજ 478 અન્ય કોલ નોંધાયા હતા. આ વર્ષે કોઈ મોટો માર્ગ અકસ્માત સર્જાયો નથી જેના કારણે અકસ્માતનું પ્રમાણ ઓછુ રહ્યુ છે.

---